Paper Code – 3903/4003

M.A. Sem – 3 Gujarati (Old/New Course)
Mar-Jun - 2021
CC-302 - ભાષવિજ્ઞાન અને ભાષાનું સ્વરૂપ (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ કુલ પ્રશ્નો : ૫૦ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(૧) ભાષા અધ્યયનનું મહત્વ શું છે ?
(A) ભાષા શિક્ષણને વેગ આપવા માટે... (B) ભાષા શીખવા માટે....
(C) સામાજિક વ્યવહાર માટે... (D) સામાજિક પરિસ્થિતિ જાણવા માટે....

(2) રાજભાષાના નિર્માણ માટે કોનું માર્ગદર્શન મહત્વનું છે ?
(A) રાજકારણીઓનું (B) શિક્ષણ સચિવનું (C) ભાષાવૈજ્ઞાનિકોનું (D) શિક્ષકોનું.

(3) ભાષા અધ્યયનની પધ્ધતિઓ કેટલી છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

(4) નીચેનામાંથી શું વિસંગત છે ?
(A) વર્ણનાત્મક (B) તુલનાત્મક (C) ઐતિહાસિક (D) આનુસંગિક

(5) વર્ણનાત્મક પધ્ધતિ કયા પ્રકારની છે ?
(A) કોઈ એક કાળની ભાષાનું અધ્યયન કરે છે. (B) ભાષાની શરૂઆતથી લઈને અંત સુધીનું અધ્યયન કરે છે.
(C) ભાષાના વ્યાકરણનું જ અધ્યયન કરે છે. (D) ઉપર્યુક્ત ત્રણેય રીતે અધ્યયન કરે છે.

(6) વર્ણનાત્મક પધ્ધતિથી થતા ભાષાના અધ્યયનની મર્યાદા કઈ છે ?
(A) વિશાળ પટ છે (B) અનુગ્રહતા (C) પૂર્વગ્રહતા (D) સંકુચિતતા

(7) ઐતિહાસિક અભ્યાસ પધ્ધતિની મર્યાદા કઈ છે ?
(A) લેખિત-દસ્તાવેજી સામગ્રીનો આધાર લેવો પડે છે. (B) તેમાં વિશાળતા હોય છે.
(C) ભાષાનો ઇતિહાસ ઉકેલવો પડે છે. (D) ભાષામાં થયેલા ફેરફારો નોંધવા પડે છે.

(8) કઈ અભ્યાસપધ્ધતિમાં પ્રાચીનતમ રૂપથી છેક અદ્યતન સુધીના સર્વરૂપોનું અધ્યયન થાય છે ?
(A) વર્ણનાત્મક (B) તુલનાત્મક (C) ઐતિહાસિક (D) આ ત્રણેયમાંથી એકે નહીં.

(9) નીચેનામાંથી ભાષાના ઉપયોગમાં શું નહીં આવે ?
(A) ભાષા સંદેશાવ્યવહાર માટે (B) ભાષા લાગણી-વિચાર વ્યક્ત કરવા માટે
(C) ભાષા જ્ઞાનના સાધન તરીકે (D) ભાષા સંકેતો ઉકેલવા માટે.

(10) નીચેનામાંથી ભાષાનું કાર્ય શું છે ?
(A) પોતાના વિકાસ માટે (B) સમાજના વિકાસ માટે (C) સાહિત્યના માધ્યમ તરીકે (D) સંકેતો ઉકેલવા માટે

(11) ભાષા શું છે ?
(A) કુદરતી સિધ્ધિ છે (B) સામાજિક સર્જન છે (C) આપમેળે સર્જન છે (D) નિયમ બધ્ધ છે

(12) ભાષા કેવી છે ?
(A) નિયમિત (B) પરિવર્તનશીલ (C) સ્થિતિ સ્થાપક (D) તર્કબધ્ધ છે.

(13) ભાષાના ધ્વનિઓ કેવા હોય છે ?
(A) યાદ્રચ્છિક (B) ફરજિયાત (C) સામાજિક (D) સાંસ્કૃતિક

(14) 'યાદ્રચ્છિકતા' એટલે શું ?
(A) મરજિયાત (B) ફરજિયાત (C) ચિત્રાત્મકતા (D) ભાષાનો અર્થ સાથે સબંધ.

(15) પશુ-પંખીઓના અવગમનની મર્યાદા શું છે ?
(A) અવાજ પેઢી દર પેઢીથી ચાલ્યા આવે છે. (B) અવાજ દ્વારા સંવાદ કરે છે.
(C) તેમની ઘ્રાણેન્દ્રિય શક્તિ તેજ હોય છે. (D) સંવાદમાં પ્રશ્નોત્તર હોતા નથી.

(16) કીડી અવગમન કેવી રીતે કરે છે ?
(A) ધ્વનિ દ્વારા (B) સ્પર્શ દ્વારા (C) દ્રશ્ય દ્વારા (D) નર્તન દ્વારા

(17) પશુ પંખીઓની ભાષા કેવી હોય છે ?
(A) સંપાદિત કરેલી (B) યાદ્રચ્છિક (C) નૈસર્ગિક (D) વિશિષ્ટ ઈરાદાવાળી.

(18) નીચેનામાંથી ભાષાના લક્ષણોમાં શું નહીં આવે ?
(A) ભાષા વાચિક ધ્વનિ સંકેતોની વ્યવસ્થા (B) ભાષા કુદરતી છે.
(C) ભાષા યાદ્રચ્છિક છે. (D) ભાષા વિચાર-વિનિમયનું સાધન છે.

(19) શબ્દ અને અર્થનો સંબંધ કેવો છે ?
(A) પરસ્પર આશ્રિત (B) બંને ભિન્ન છે. (C) ઈશ્વરાધીન છે. (D) બંને એકબીજાથી વિરુધ્ધ છે.

(20) ભાષા વર્ગીકરણની મુખ્યત્વે કેટલી પધ્ધતિઓ છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ.

(21) ભાષા વર્ગીકરણ સાથે શું સંગત નથી ?
(A) તુલનાત્મક વર્ગીકરણ (B) ઐતિહાસિક વર્ગીકરણ (C) આકૃતિગત વર્ગીકરણ (D) સ્વરૂપગત વર્ગીકરણ

(22) સ્વરૂપગત વર્ગીકરણમાં શું આવે ?
(A) ભાષાનો ઐતિહાસિક રીતે અભ્યાસ થાય છે. (B) ભાષાના રૂપતંત્રનો અભ્યાસ થાય છે.
(C) ભાષા અને બોલીનો અભ્યાસ થાય છે. (D) ભાષાનો કુંટુંબવૃક્ષની રીતે અભ્યાસ થાય છે.

(23) ઐતિહાસિક વર્ગીકરણને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?
(A) આનુવંશિક વર્ગીકરણ (B) પ્રકૃતિગત વર્ગીકરણ (C) આકૃતિગત વર્ગીકરણ (D) સ્વરૂપગત વર્ગીકરણ.
(24) ભાષાના બદલે વપરાતા સંકેતો શું કાર્ય કરે છે ?
(A) તે ભાષામાં વિઘ્ન ઊભા કરે છે. (B) તે ભાષામાં અર્થનો અનર્થ કરે છે.
(C) તે ભાષા સહાયક બને છે. (D) તે ભાષા વિઘાતક બને છે.
(25) 'સિધ્ધહેમશબ્દાનુશાસન'માં મુખ્યત્વે કયા પ્રકારના અધ્યયનનીપધ્ધતિનો ઉપયોગ થયો છે ?
(A) ઐતિહાસિક (B) વર્ણનાત્મક (C) તુલનાત્મક (D) સંરચનાત્મક
(26) ભાષાની ઐતિહાસિક અધ્યયન પધ્ધતિમાં શું ખોટું છે ?
(A) ભાષાનો ઇતિહાસ આલેખવાનો હોય છે. (B) ભાષાનું મૂળ શોધવાનું હોય છે'
(C) તેમાં શબ્દોના થતાં પરિવર્તનોના અનુમાન કરી શકાય છે. (D) બે ભાષાનો અનેક દ્રષ્ટિકોણથી અભ્યાસ થાય છે.
(27) 'સંસારમાં એવો કોઈ વ્યવહાર નથી જે ભાષા વગર સંભવ હોય'-આ વિધાન કોનું છે ?
A) કાલિદાસ (B) ભર્તુહરિ (C) દંડી (D) ભવભૂતિ.
(28) લિપિ એ ભાષાનું કેવું સ્વરૂપ છે ?
(A) નિષ્પ્રાણ (B) મજબૂત (C) મજબૂર (D) જીવંત
(29) શબ્દ અને અર્થનો સંબંધ કેવો છે ?
(A) નિત્ય (B) આદર્શ (C) યાદ્રચ્છિક (D) શિષ્ટ
(30) પડજીભનું મુખ્ય કાર્ય શું છે ?
(A) શ્વાસોશ્વાસ લેવાનું (B) બોલવાનું (C) મુખવિવર અને નાસિકા વિવર વચ્ચે વાલ્વ જેવુ કામ. (D) સ્વાદ લેવાનું.
(31) નીચેનામાંથી કયો ધ્વનિ અલ્પપ્રાણ અને અઘોષ છે ?
(A) ખ (B) જ (C) ત (D) ઝ
(32) 'ઢ' એ કેવા પ્રકારનો ધ્વનિ છે ?
(A) અઘોષ-અલ્પપ્રાણ (B) ઘોષ-અલ્પપ્રાણ (C) અઘોષ-મહાપ્રાણ (D) ઘોષ-મહાપ્રાણ
(33) નીચેનામાંથી મૂર્ધન્ય ધ્વનિઓ કયા છે ?
(A) પ, ફ, બ, ભ, (B) ટ, ઠ, ડ, ઢ, (C) ચ, છ, જ, ઝ, (D) ટ, ઠ, ક, ગ,
(34) નાદતંત્રીઓ કેવી હોય છે ?
(A) સ્થિતિસ્થાપક (B) જડ (C) તંગ (D) ખુલ્લી જ રહે છે.
(35) નાદતંત્રીઓ નિષ્કંપ રહે ત્યારે કેવા પ્રકારના ધ્વનિઓનું ઉચ્ચારણ થાય છે ?
(A) ઘોષ (B) અઘોષ (C) સ્પર્શ ધ્વનિઓ (D) સંઘર્ષી ધ્વનિઓ
(36) ગુજરાતીના અગ્રત્વ સ્વરો કયા છે ?
(A) ઈ, ઉ (B) અ, આ (C) ઈ, એ, ઍ (D) અ, આ, ઓ
(37) ત, થ, દ, ધ એ કેવા પ્રકારના ધ્વનિઓ છે ?
(A) મૂર્ધન્ય (B) ઓષ્ઠય (C) તાલવ્ય (D) દંત્ય
(38) જે ધ્વનિના ઉચ્ચારણમાં નાદતંત્રીઓનું કંપન વધુ થાય તેવા ધ્વનિઓને શું કહેવાય ?
(A) અઘોષ (B) ઘોષ (C) અર્ધસ્વર (D) થડકારવાળા
(39) 'ય','વ' એ કેવા પ્રકારના સ્વરો છે ?
(A) અર્ધસ્વર (B) સ્વર (C) પાશ્વિક (D) પ્રકંપી
(40) ભાષાની કાચી સામગ્રી કયા ઘટકઅંગને કહેવાય છે ?
(A) રૂપઘટક (B) પદઘટક (C) ધ્વનિઘટક (D) વાક્યઘટક
(41) રૂપઘટક ભાષામાં કેવી કામગીરી બજાવે છે ?
(A) ભાષાનું પ્રથમ એકમ છે. (B) ભાષાને સંપૂર્ણ બનાવે છે.
(C) ભાષાનું રૂપ આપે છે. (D) વાક્યમાં શબ્દોના પરસ્પર સંબંધ નક્કી કરી આપે છે.
(42) જે વાક્યમાં આશ્ચર્ય, હર્ષ,પ્રશસ્તિ જેવા ભાવ દર્શાવ્યા હોય તેવા વાક્યને કયું વાક્ય કહેવાય ?
(A) પ્રશ્નાર્થવાક્ય (B) ઉદ્ગારવાક્ય (C) વિધાનવાક્ય (D) કર્તરિવાક્ય
(43) પ્રેરક વાક્ય કોને કહેવાય ?
(A) જે વાક્યમાં કર્તાનો લોપ થયો હોય (B) જે વાક્યમાં કર્મ શૂન્ય હોય
(C) જે વાક્યમાં કર્તા પ્રેરિત હોય (D) જે વાક્યમાં કર્તા પ્રધાન હોય,
(44) 'શાબાશ !' આ કેવા પ્રકારનું વાક્ય છે ?
(A) એક પદી વાક્ય. (B) વિધિ વાક્ય. (C) કર્તરિ શૂન્ય વાક્ય. (D) ક્રિયાપદ વગરનું વાક્ય.
(45) પ્રબોધ પંડિતના મતે ગુજરાતીના માન્ય સ્વરો કેટલા છે ?
(A) પાંચ (B) સાત (C) આઠ (D) અગિયાર.
(46) ભાષાનો નાનામાં નાનો અર્થ પ્રગટ કરે તેને શું કહેવાય ?
(A) રૂપઘટક (B) ધ્વનિઘટક (C) વાક્ય (D) શબ્દ
(47) ભાષાના મુખ્ય કેટલા ઘટકો છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ.
(48) ભાષા હંમેશા કેવી છે ?
(A) પરિવર્તનશીલ (B) જડ (C) સંઘર્ષાત્મક (D) ચેતનાલક્ષી.
(49) જ્ઞાનના સાધન તરીકે કોણ કામ કરે છે ?
(A) ભાષા (B) ગણિત (C) વિજ્ઞાન (D) સમાજશાસ્ત્ર
(50) પ, ફ, બ, ભ, મ કયા સ્થાનના સ્પર્શવ્યંજનો છે ?
(A) ઓષ્ઠય (B) તાલવ્ય (C) મૂર્ધન્ય (D) દંત્ય.